નવી બાબત વર્ષ ૨૦૨૧-૨૨
આદિજાતિના શેડો વિસ્તારોમાં
મોબાઇલ ટાવર ઊભા કરવા અંગે

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
ક્રમાંક : VKY/2021/97/NI-05/P,
તારીખ: ૦૬/૦૭/૨૦૨૧

વંચાણે લીધા :

૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૦૯/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ/ન.બા/ ૨૦૨૦-૨૧/ફા.નં ૬/૨૦૨૧/૧૩૧ થી મળેલ દરખાસ્ત.
૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૦૬/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ/ન.બા/ ૨૦૨૦-૨૧/ફા.નં ૬/૨૦૨૧/૩૨૬.
૩) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૧૦/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ/ન.બા/ ૨૦૨૦-૨૧/ફા.નં ૬/૨૦૨૧/૩૩૮.
૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૨૪/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અવક/અજન/૩/ ફા.નં.૨૭૧/૨૦૨૧/૪૫૭.

**પ્રસ્તાવના:**

આદિજાતિ વિસ્તારોમાં મોબાઈલ ટાવરના કવરેજ ઉપલબ્ધ નથી તેવા શેડો એરિયામાં નવા મોબાઈલ ટાવર ઉભા કરવા અંગેની દરખાસ્ત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)થી કરવામાં આવેલ. રાજ્યના આદિજાતિ સમુદાયના કલ્યાણ માટે રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પણ અન્ય વિકસીત વિસ્તારો જેવી સુવિધાઓ ઉભી કરવી આવશ્યક છે. વર્તમાન સમયમાં પણ રાજ્યના અનેક અનુસૂચિત આદિજાતિ વિસ્તારોમાં મોબાઈલ ટાવરના અભાવે કનેક્ટીવીટીની સુવિધા ઉપલબ્ધ નથી, ડીઝીટલ ઈન્ડિયાના યુગમાં રાજ્ય સરકાર તથા ભારત સરકાર દ્વારા પણ કલ્યાણલક્ષી યોજનાની સુવિધા ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તાજેતરમાં કોરોના સંક્રમણ દરમ્યાન જે વિસ્તારમાં કનેક્ટીવીટીની સુવિધા ઉપલબ્ધ હતી તે વિસ્તારના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણની સુવિધા મેળવી શકાઈ હતી પણ જ્યારે શેડો એરીયામાં વસવાટ કરતા આદિજાતિ વિદ્યાર્થીઓ કનેક્ટીવીટીના અભાવે ઓનલાઈન શિક્ષણથી વંચિત રહે તે સ્વભાવિક છે. આથી અનુસૂચિત આદિજાતિ વિસ્તારમાં શેડો એરીયામાં મોબાઈલ

ટાવર ઉભા કરવા અંગેની રૂ. ૧૦૦૦.૦૦ લાખની નવી બાબતને વર્ષ: ૨૦૨૧-૨૨ માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિસ્તારોમાં મોબાઇલ ટાવર ઊભા કરવા અંગેની રૂ. ૧૦૦૦.૦૦ લાખની રકમની નવી બાબતને વર્ષ: ૨૦૨૧-૨૨ માં કરવામાં આવેલ જોગવાઇને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. આ યોજના હેઠળ, નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના ધોરણો અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૮. આઇ.ટી.સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૯. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૫/૯૬ ના ઠરાવ ક્રમાંક : ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)-ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૧. આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ના હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૨. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. કામગીરી/ હાથ ધરનાર પ્રવૃતિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

૧૪. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૧૫. રેલવે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૧૬. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આદિજાતિ વિસ્તારોમાં રૂ.૧૦/- કરોડના મોબાઈલ ટાવરો કયાં લગાવવામાં આવશે તેની સ્થળવાર/તાલુકાવાર વિગતવાર માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં સામેલ છે.

| ક્રમ | મોબાઈલ ટાવરની સંખ્યા | જિલ્લા/ પ્રાયોજના | તાલુકો | સૂચવેલ ગામ /સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ખેડબ્રહ્મા-સાબરકાંઠા | પોશીના | બારા, સેંબલીયા |
| ૨ | ૧ | વલસાડ | કપરાડા | પીપરોટી, માલુંગી |
| 3 | ૧ | સોનગઢ -તાપી | સોનગઢ | ઘુસરગામ, શિરિષપાડા |
| ૪ | ૧ | માંડવી-સુરત | ઉમરપાડા | નશારપુર, સરવણ ફોકડી, મોટી દેવરૂપણ, ધાણાવડ, રૂઢિગવાણ, વડગામ |
| ૫ | ૧ | વાંસદા-નવસારી | વાંસદા | બેલમોડા, ચોઅરવણી, નિરપાણ, સાદડદેવી |
| ૬ | ૨ | રાજપીપળા-નર્મદા | ડેડીયાપાડા અને ગરૂડેશ્વર | મોહબુડી અને ઝરવાણી (તા.ગરૂડેશ્વર) |
| ૭ | ૧ | ભરૂચ | નેત્રંગ | ધોલેખામ, વાલપોર |
| ૮ | ૨ | છોટાઉદેપુર | છોટાઉદેપુર અને ક્વાંટ | રોઝવા, કેવડી અને વાંકાનેર, પડવાણી (તા.ક્વાંટ) |
| ૯ | ૧ | દાહોદ | સિંગવડ | હિરાપુર, ફોફણ |
| ૧૦ | ૧ | પાલનપુર-બનાસકાંઠા | દાંતા | બેડાપાણી, રૂપવાસ અને વિરમવેરી |
| ૧૧ | ૧ | અરવલ્લી | ભિલોડા | કુડોલ (પાલ), બોરનાળ |
| ૧૨ | ૧ | મહિસાગર | સંતરામપુર, કડાણા | બોગદા ફાર્મ(પાદેડી અડોર) રેલવા / પછેર |

ઉક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ કુલ ૧૪ ટાવરો લગાવવામાં આવશે, જેમાં નર્મદા તથા છોટાઉદેપુર જિલ્લામાં બે(૨) ટાવરો તથા બાકીના ૧૦ જિલ્લાઓમાં એક ટાવર લગાવવામાં આવશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ નાં અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સંદર:૫૩ VKY-41 હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૧/૦૭/૨૦૨૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આઈ.ઠક્કર)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી (આ.વિ.) બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (આ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.